# ગાંધીનગર જિલ્લાના ઉધોગકારો સાથે શાંતિ સમિતિની બેઠક

## પરપ્રાંતિય નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે પોલીસ તંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવ્યા છે

## કલેકટર એસ. કે. લાંગા : ગાંધીનગર જિલ્લામાં ચાર ગુના દાખલ : ૩૬ વ્યક્તિઓની ધરપકડ

ગાંધીનગર જિલ્લામાં પરપ્રાંતના નાગરિકોને પૂરતી સુરક્ષા અને સલામતી માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પૂરતા પગલા લેવામાં આવ્યા છે. રોજગારી માટે આવેલા બિનગુજરાતીઓ ઉપરના હુમલાઓ નિંદનીય છે. આવા કૃત્યો કરનાર સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવ્યા છે. તેમ જણાવી જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જિલ્લામાં શાંતિ અને ભાઈચારાનું વાતાવરણ બનાવી રાખવા જિલ્લાની વિવિધ ઔધોગિક વસાહતોના ઉધોગકારોને સહયોગ આપવા શાંતિ સમિતિની બેઠકમાં અપીલ કરી હતી.

ગાંધીનગર રેન્જ આઈ.જી. શ્રી મયંકસિંહ ચાવડા અને જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલ શાંતિ સમિતિની બેઠકમાં જણાવ્યું હતું કે, જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સખ્તાઈથી પગલા લીધા છે. જિલ્લામાં આ સંદર્ભે રખિયાલ, માણસા, કલોલ



અને અડાલજ પોલીસ મથકોમાં ચાર ગુના નોંધાયા છે. કુલ – ૩૬ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. માણસા પોલીસ સ્ટેશનના છ વ્યક્તિઓને પકડવાના બાકી છે. જિલ્લાના ઔધોગિક વિસ્તારો અને તાલુકા મથકે કુલ – ૨૨ જેટલી તબક્કાવાર શાંતિ સમિતીની બેઠકો યોજવામાં આવી છે. જિલ્લાના તમામ પોલીસકર્મી દ્વારા રાઉન્ડ ધ કલોક પ્રેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ખાનગી વાહનોમાં પણ પ્રેટ્રોલિંગ કરવામાં આવે છે. સાંજે ૪.૦૦ કલાક થી રાત્રિના ૧૧.૦૦ કલાક દરમ્યાન દહેગામ, પેથાપુર, માણસા, કલોલ તાલુકા, અડાલજ અને સાંતેજ પોલીસ સ્ટેશન દ્વારા ફલેગ માર્ચ કરવામાં આવી રહ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરેક ગામોના સરપંચો, તલાટીઓ અને સ્થાનિક આગેવાનો સાથે સંપર્ક કરવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થા તેમજ સલામતી અને સુરક્ષા માટે જિલ્લા વહીવટી તંત્ર સજાગ અને સક્ષમ છે. અડધી રાત્રે ગાંધીનગર જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ અથવા તો પોલીસ હેલ્પલાઈન નંબર પર જાણ થતાં જ પંદર મિનિટમાં પોલીસ પહોચશે.

ગાંધીનગર રેન્જ આઈ.જી. શ્રી મંયકસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર રેન્જમાં ૨૦૦ જેટલા આરોપીઓને પકડીને તેમના મોબાઈલનું ઈન્વેસ્ટીગેશન ચાલે છે. વાતાવરણને ડોહળી ભડકાવનારા વિડિયો અંગે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જિલ્લાના સંવેદન સ્થળો પર સાંજના ૭.૦૦ કલાક થી રાત્રિના ૧૧.૦૦ કલાકના સમયમાં સ્થાનિક ઉધોગકારોને સજાગ રહી જિલ્લા વહીવટી તંત્ર સાથે અસરકારક સંકલન અને કોમ્યુનિકેશન સાંધવા જણાવ્યું હતું. જિલ્લાના ઠાકોર સમાજના સ્થાનિક આગેવાનો સાથે મીટીંગ કરી શાંતિ જાળવવા પણ અપીલ કરવામાં આવી છે. ગોધરાની બી કંપનીનો કેમ્પ દહેગામ પોલીસ સ્ટેશન તથા જી કંપનીનો કેમ્પ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યો છે. તેમના દ્વારા સંવેદશીલ વિસ્તારોમાં જરૂરી ફલેગ માર્ચની કામગીરી કરવાનું આયોજન છે.

# ‘સમન્વય’ ચિત્ર પ્રદર્શનમાં ગાંધીનગરના કલાકારો છવાયા

## ગાંધીનગરના વત્સલ વોરા, હાર્દજ્ઞ વોરા અને હીમા વોરાના પેન્સિલ પોટ્રેટ આકર્ષણનું કેન્દ્ર બન્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના ચિત્રકાર વત્સલ વોરા, હાર્દજ્ઞ વોરા તથા હીમા વોરા સહિત કુલ ૧૦ ચિત્રકારોના ચિત્રોનું પ્રદર્શન અમદાવાદની હઠીસિંગ આર્ટ ગેલેરી વિદ્યાનગર, ગાંધીનગર વગેરે શહેરોના ચિત્રકારોનો સમાવેશ થાય છે. જેમાં વનમાળી ભાઈ ઠાકોર, વત્સલ વોરા, હાર્દજ્ઞ વોરા, હીમા વોરા, પ્રકાશ જોષી, કલ્પેશ પરમાર, કશ્યપ સુથાર, ધવલ અગ્રાવત,



ખાતે યોજાયું હતું. આ ૧૦ કલાકારો પૈકી ૫ કલાકારોએ ફાઈન આર્ટસનો અભ્યાસ કરેલ હતા જેમણે એક્રેલિક ઓઈલ પેઈન્ટ તથા બોટલ કલરમાં તેમની કલા પ્રદર્શિત કરી હતી જયારે ગાંધીનગરના વત્સલ વોરાએ કોઈ પણ કલા સંસ્થામાં અભ્યાસ વગર શોખથી ચિત્રકળા વિકસાવી છે તેમણે પેન્સિલ પોટ્રેટ પ્રસ્તુત કર્યા હતા.

‘સમન્વય’ નામથી આયોજિત આ પ્રદર્શનમાં પાલનપુર, અમદાવાદ, ધ્રાગંધ્રા, વલ્લભ પ્રેમકુમાર પ્રજાપતિ અને હરપાલસિંહ ઝાલા વગેરે કલાકારો સામેલ હતા. પ્રદર્શનમાં ચિત્રો નિહળવા આવતા કલારસિકો ગાંધીનગરના કલાકારોના પેન્સિલ પોટ્રેટથી પ્રભાવિત થયા હતા. આ પ્રદર્શનમાં વિવિધ વિષયોને આવરી લેવાયા હતા. જેમાં એબસ્ટ્રેકટ, પોટ્રેટ, લેન્ડસ્કેપ, ક્રિએટીવ પેઈન્ટિંગ વગેરેનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાર્દજ્ઞ વોરા અને હીમાવોરાએ બંને વત્સલ વોરાના જોડિયા સંતાનો છે.

# મહામૂલી બચત અને લોનથી દુકાનો ખરીદી છે... સીલ ખોલી આપો : વેપારીઓ

## સે-૧ પંચતીર્થ કોમ્પલેક્ષના વેપારીઓએ મ્યુનિ કમિશનરને રજુઆત

ગાંધીનગર તા ૮


શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ આટોપી લેવામાં આવી છે. જયારે હેતુફેરના મામલે સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનોને નોટીસ આપી કાર્યવાહી બંધ કરી દેવામાં આવી છે ત્યારે અગાઉ સે-૧ માં સ્થિત પંચતીર્થ કોમ્પલેક્ષની દુકાનોને પણ સીલ મારી દેવામાં આવ્યુ હતુ. પરંતુ હવે સીલ મારવાની કાર્યવાહી બંધ કરી દેવામાં આવી છે. આવા સંજોગોમાં આ દુકાનોના સીલ પણ ખોલી દેવા માટે પંચતીર્થ ઓનર્સ એસોસિએશને મ્યુનિ કમિશ્નરને રજુઆત કરી છે.

પંચતીર્થ ઓનર્સ એસોસિએશને આ અંગે મ્યુનિ કમિશ્રરને રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૧ માં સ્થિત પંચતીર્થ કોમ્પલેક્ષની દુકાનો ગત તા ૧૬ સપ્ટેમ્બરના રોજ સીલ મારવામાં આવી હતી. જયારે કોર્પોરેશન દ્વારા શહેરના રહેણાંક વિસ્તારમાં સ્થિત દુકાનો સીલ કરવાની કાર્યવાહી દરમિયાન સેકટરોમાં અન્ય હેતુફેરના કિસ્સામાં પણ નોટીસ આપી દુકાનો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પરંતુ કોર્પોરેશને અન્ય કોઈ દુકાનોને સીલ કરી નથી. ત્યારે અમારી દુકાનોના સીલ પણ ખોલી આપવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે. વેપારીઓએ વધુમાં જણાંવ્યુ છે કે અમે અમારી મહામુલી બચત અને લોનના આધારે આ દુકાનો ખરીદી છે.

જયારે સરકારી વેચાણ દસ્તાવેજ પણ કરાવ્યા છે. મ્યુનિ તંત્રને દરવર્ષે ટેક્ષ પણ ચુકવીએ છીએ આવા સંજોગોમાં સમાન દ્રષ્ટીએ કામગીરી હાથ ધરાય તે અનિવાર્ય છે. શહેરમાં અન્ય દુકાનો માટે જે નિતી નિયમો મંજુર કરશો તે અમને માન્ય રહેશે તેમ પણ એસોસિએશને રજુઆતમાં જણાંવ્યુ છે. એસોસિએશન દ્વારા સે-૧ ના પંચતીર્થ કોમ્પલેક્ષની દુકાનોના સીલ ખોલી દેવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




લાગે છે એવું કે તમારુ પેટ પરપ્રાંતિય કારીગરની બનાવેલ પાણીપુરી ખાવા ટેવાયેલું છે... અને તમે દેશી કારીગરની પાણીપુરી ખાઈ આવ્યા છો...!!

# લકઝરી રામરથ ટ્રાવેલ્સ બસમાંથી દારૂની ૧૮ બોટલ સાથે એક શખ્સ પકડાયો

ગુજરાતમાં તહેવારો ટાણે બુટલેગરોની ટીમ સાથે દારૂની માંગ વધવા સાથે દારૂની વ્યસનીઓ સક્રિય બનતા છુટક ફેરી કરતા ખેપિયાઓની હેરાફેરી રાજસ્થાની અને સ્થાનિક શખ્સો દારૂ પહોંચાડવા નવા નવા નુસ્ખા અજમાવી રહ્યા છે. ત્યારે ચિલોડા પોલીસે વાહનચેકિંગ દરમ્યાન ચંદ્રાલા પાટીયે હિંમતનગર તરફથી આવી રહેલી રામરથ ટ્રાવેલ્સની બસ નં. આર.જે.૧૪.પી.બી.૩૨૭૭ને રોકાવીને તપાસ આદરતાં દરવાજાની બાજુમાં બેઠેલા એક મુસાફર પાસેથી લીલા કલરની બેગમાં તપાસ કરતા રૂ. ૭૨૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૮ બોટલો મળી આવી હતી. આરીફ ઈમામુદીન મનસુરી રહે. જયપુર, રાજસ્થાનની ધરપકડ કરી ગુનો દાખલ કરી તપાસ પોલીસે હાથ ધરી છે.



**પ્રતાપપુરા(બાલવા) ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ**

કલોલ તાલુકાના પ્રતાપપુરા(બાલવા) ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. જેમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, કાવ્ય ગાન સ્પર્ધા વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળા, આમજા પ્રાથમિક શાળા, શોભાસણ પ્રા. શાળા, ઈટલા પ્રા. શાળા અને પ્રતાપપુરા-બાલવા પ્રા. શાળાના બાળકોએ ભાગ લીધો હતો.




**ચિલોડાના વિદ્યાર્થીઓએ રંગોળી ચિત્રો દ્વારા સ્વચ્છતા હી સેવાનો સંદેશો**

મહાત્મા ગાંધીજી ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત- સ્વસ્થ ભારત, સ્વચ્છતા ત્યાં પ્રભુતા, સ્વચ્છતા હી સેવા, સર્વધર્મ સમભાવ, બેટી બચાવો બેટી પઢાવો, વૃક્ષો બચાવો વગેરે વિષયો પર રંગોળી દ્વારા ચિત્રો કંડારી ચિલોડા પ્રાથમિક શાળાના બાળકોએ લોકો સુધી વિવિધ વિષયનો સંદેશો પહોંચાડવા સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# આજે ગાંધીનગરથી રાજ્યના ૨૬ જિલ્લાઓમાં “કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨”નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ, મંગળવાર તા. ૯ ઓકટોબરે રાજયના ૨૬ જિલ્લાઓમાં મૂંગા પશુ-પક્ષી જીવોની સારવાર, ઈમરજન્સી સેવા અને ચિકિત્સા માટે ‘કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨’નો શુભારંભ કરાવશે.

ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ-૧ના નર્મદા હોલમાં મંગળવારે સવારે ૧૦.૩૦ વાગ્યે યોજાનારા આ સમારોહમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પશુપાલનમંત્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ પણ ઉપસ્થિત રહેવાના છે. મુખ્યમંત્રી આ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ને ફલેગ ઓફ આપી સંબંધિત જિલ્લાઓમાં પ્રસ્થાન કરાવશે. મુખ્યમંત્રીએ સંવેદનાસભર અભિગમ દર્શાવી મકરસંક્રાંતિ-ઉત્તરાયણ વેળાએ પતંગના દોરાથી ઘાયલ-ઈજાગ્રસ્ત થતાં પક્ષીઓની તત્કાલ સારવાર માટે ‘કરૂણા અભિયાન’ શરૂ કરાવ્યું હતું.

આ અભિયાનને મળેલી વ્યાપક સફળતાને પગલે ૧૦૮ આપાતકાલિન સેવાઓ જેમજ કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ સેવાઓ અગ્રતાના ધોરણે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા જિલ્લા અને મહાપાલિકા તથા મહેસાણા, પાલનપુર, ભાવનગર એમ કુલ ૧૧ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ સેવા ૨૦૧૭થી ઉપલબ્ધ બનાવી છે. આ સેવાઓ દ્વારા ૨૨ હજાર પશુ-પક્ષીઓને સારવાર આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ અબોલ પશુજીવોની સેવાના આ યજ્ઞને વધુ વ્યાપક ફલક આપવા પશુપાલન વિભાગને પ્રેરિત કર્યુ છે. તેના પગલે રાજ્યના ૨૬ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, સાબરકાંઠા, પાટણ, નડિયાદ, ગાંધીનગર, ગીર-સોમનાથ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, જામનગર, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, બોટાદ, મોરબી, કચ્છ, ડાંગ, વલસાડ, મહિસાગર, નવસારી તેમજ તાપી, ભરૂચ, પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર તથા નર્મદામાં આવતીકાલથી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨નો પ્રારંભ કરવામાં આવશે.

# રાજ્યમાં પરપ્રાંતીયોને પૂરતી સુરક્ષા અપાશે

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, પરપ્રાંતીયો પર હુમલા કરી ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા તત્વોની પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરવામાં આવી છે.

પરપ્રાંતીયોની સુરક્ષા માટે પોલીસ દ્વારા પૂરતા પગલાં લેવામાં આવ્યા છે અને તેમને પૂરતી સુરક્ષા આપવામાં આવશે.

રાજકોટ ખાતે સમુહ માધ્યમો સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતની પરંપરા રહી છે કે અન્ય પ્રાંતમાંથી આવતા લોકો, સમાજને તેણે પોતાના ગણી સ્વીકાર્યા છે. અહીં તમામ રાજ્યના લોકો શાંતિપૂર્વક અને એખલાસભર્યા માહોલમાં રહે છે.

ગુજરાત અને ગુજરાતીઓની આ વિશેષતા છે કે, તેમણે અન્ય રાજ્યના લોકોને પોતીકા ગણ્યા છે. ત્યારે, સૌ નાગરિક ભાઈઓ બહેનોને મુખ્યમંત્રીએ અપીલ કરી છે કે રાજ્યમાં સૌ કોઈ ભાઈચારા અને શાંતિનો માહોલ બનાવી રાખે.

# દરેક વ્યક્તિમાં જન્મતો વિચાર તેનું મંચ જાતે શોધી જ લે છે : મિસ્કીન

## વિચારમંચ આયોજીત મનનો જમણવાર કાર્યક્રમમાં સાહિત્ય રસિકોએ ગુજરાતના જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસ મિસ્કીનની ગઝલયાત્રા માણી

ગાંધીનગર, તા. ૦૭

રવિવારની સાંજ ગાંધીનગરમાં ગઝલની ગુંજ સાથે અદભુત રીતે ખીલી હતી. ગુજરાતી ગઝલ વિશ્વના જાણીતા, માનીતા અને ખૂબ વંચાતા એવા રાજેશ વ્યાસ 'મિસ્કીન' ગાંધીનગરમા આવીને એમની ગઝલયાત્રાના સંવેદનાસભર શબ્દોથી ગાંધીનગરના સર્જકો અને સાહિત્યપ્રેમી ભાવકોને રીતસર ભીંજવી નાખ્યા હતા.

“દરેક વ્યક્તિમાં જન્મતો વિચાર તેનું મંચ જાતે શોધી જ લેતો હોય છે, પણ વિચારને સાત્વિક મંચ મળે તે જરૂરી છે. મનનો ખોરાક વિચાર છે.’’ ગાંધીનગરના સેક્ટર-૧૭માં સ્ટાફ ટ્રેનીંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે ગુજરાતનાં જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસ ‘‘મિસ્કીન’’ વિચારમંચ આયોજિત કાર્યક્રમ ‘‘મનનો જમણવાર’’મા પોતાની ગઝલયાત્રાની વાતનો પ્રારંભ કરતાં જ આ શબ્દો બોલ્યા હતા. ‘‘મિસ્કીન’’ના સીધા હદયમાથી નીકળતા શબ્દોના ફુવારે પલાળતા શ્રોતાઓને તેમણે કહ્યું હતું કે ‘‘ક્યાં છે ખબર ચમનથી મને લઈ જનારને, હું મારી સાથ બહાર લઈને ફરું છું’’

મનનો જમણવારમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ "મિસ્કિન"નું પાટનગરમા સ્વાગત કરતા કહ્યું કે, "ગાંધીનગરમાં વિધાન સભાની સામે વિદ્યા સભા છે, જીઆર, સીઆરના જંગલ સામે પ્રાકૃતિક જંગલ પણ છે" તેમણે ગાંધીનગરને ગાંધીજીના વિચારો, જીવનશૈલી સાથે લઈને જીવતું શહેર તરીકે સંબોધતા દરેક પરિસ્થિતિને સાથે લઈને જીવતું શહેર ગણાવ્યું હતું.

વિચાર મંચના સહ સંયોજક શ્રી પુલકભાઈ ત્રિવેદીએ ગઝલકાર રાજેશ વ્યાસને આવકારતા કહ્યું હતુ કે ‘‘મિસ્કીન’’ને સાંભળવા એટલે જાણે હિમાલયની તળેટીમા જાણે



સંત તત્ત્વ અને સંસારિક શબ્દોનો અદ્દભુત મિલન થતું હોય એવું લાગે. આ સાથે તેમણે મિસ્કીનની ૧૫ વર્ષની ઉંમરે રચાયેલી પ્રથમ ગઝલનો એક મિસરો ટાંકીને કહ્યું તું કે ‘‘હદયની વેદનાનો આંસુથી અણસાર અનુભવું છું, કથા પૂરી નથી કહેવી, નીતરતો સાર આપું છું.’’ વિચાર મંચ પરિવાર પાટનગરમાં ઉર્ધ્વગામી વૈચારિક વિશ્વને ખડું કરવાનું એક પ્લેટફોર્મ બનીને ઉભરી આવ્યું છે.

રાજેશ વ્યાસ મિસ્કીને તેમના વક્તવ્યના પ્રારંભે ગાંધીનગર સાથે જુનો નાતો હોવાનું કહેતા રસપ્રદ યાદો વાગોળી હતી. "શરીર થયું સુડતાલીસનું, મનને થયા ચોર્યાસી લાખ"નું પઠન કરતા મનના જમણવારનો પ્રારંભ કર્યો હતો. મનની ગતીની ગહન તાકાત અંગે વાત કરતા તેમણે કહ્યુ કે "આભમાં કે દરિયામાં એક પણ કેડી નથી, મતલબ એનો એ નથી કે સફર કોઈએ ખેડી નથી". મિસ્કિને કબુલ્યું હતું કે "ગઝલે મને ઘડ્યો છે, ગઝલે મને જીવાડ્યો છે". પોતાની સ્વર્ગસ્થ દિકરીને યાદ કરતાં શબ્દો બોલાયા કે "વર્ષો થયા છતાં પણ ના ભૂલાતી, પ્રત્યેક ફૂલ એના ફરાક લાગે છે". શ્રોતાઓ એમના શબ્દો અને લાયમાં રીતસર વહેવા લાગ્યા હતા.

સર્જક સાથે સમવાદના સેશનમાં મિસ્કીન જબરા ખીલ્યા હતા. ભાવકોના ગઝલ સર્જનથી માંડીને જીવનના ઉતાર ચઢાવની મજેદાર વાતોથી ગાંધીનગરના સાહિત્ય અને શબ્દપ્રેમી નગરજનો મંત્રમુગ્ધ બની ગયા હતા. સર્જક સાથે સંવાદનું રસપ્રદ સંચાલન વિચાર મંચ પરિવારના મનોજ શુક્લએ કર્યું હતું.

વિચાર મંચ પરિવારના મનના જમણવારની પ્રથમ કડી આવનારા દિવસોમાં નગરજનોને ઉત્તમ વૈચારિક વારસો પૂરો પડશે એમાં બે મત નથી. કાર્યક્રમમાં સર્વશ્રી દોલત ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, વી. એસ. ગઢવી, અશોક શર્મા, વાગમિન બુચ, અરૂણ બુચ, મુકેશ જોષી, નટવર હેડાઉ, કિશોર જીકાદરા, કનૈયાલાલ ભટ્ટ વગેરે જેવા જાણીતા સાહિત્ય અને શબ્દના સર્જકો અને ભાવકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

**Change of name**

I have changed my name Shivangi Rajendra Aarya from Shivangi Rajubhai Aarya.

Address :
Plot No. 503/2,
Sector-22, Gandhinagar

**નિવિદા નં. ૮ સને ૨૦૧૮-૧૯**

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન કરાવેલ હોયતેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક અત્રેની કચેરીમાં રૂ. ૩૦૦+૧૮% જીએસટી પ્રમાણેનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કર્યેથી તા. ૧૬/૧૦/૧૮ (૧૮:૦૦ કલાક) સુધી આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૨૩/૧૦/૧૮ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૨૪/૧૦/૧૮ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

**કામનું નામ**

જી.એસ.આર.ડી.સી. ગાંધીનગરની કચેરી ખાતે સ્ટેશનરી આઈટમ પુરી પાડવાની કામગીરી વાર્ષિક ભાવો મંગાવવા બાબત.

**જનરલ મેનેજર (પ્રોજેક્ટ)**

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**

ભોંયતળીયે, નિર્માણ ભવન, સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર

ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫. www.gsrdc.com

માહિતી/૧૭૬૮/૧૮-૧૯